# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) લોકસભામાં ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન ખરડો 2025 પસાર
2) સૌરાષ્ટ્રમાં જળબંબાકાર જૂનાગઢનાં મેંદરડામાં 13 ઈંચ વરસાદ ખાબક્યો , જનજીવન અસરગ્રસ્ત , આવતીકાલે દેવભૂમિદ્વારકામાં રેડ એલર્ટ , અસરગ્રસ્ત જિલ્લામાં અતિભારે વરસાદની વકી
3) સહકારી મંડળીઓ અને સ્વસહાય જૂથની વસ્તુઓ ખરીદી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા મુખ્યમંત્રીનો અનુરોધ
4) વર્લ્ડ પાવરલિફ્ટીંગ ચેમ્પિયનશીપમાં મહેસાણાના ખેલાડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NEW-LS-ONLINE GAMING BILL

લોકસભામાં આજે ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન ખરડો 2025 પસાર થયો. આ ખરડો ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ રમતોને પ્રોત્સાહન આપે છે જ્યારે હાનિકારક ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકે છે. તેમાં આ ક્ષેત્રના સંકલિત નીતિ સમર્થન , વ્યૂહાત્મક વિકાસ અને નિયમનકારી દેખરેખ માટે ઓનલાઈન ગેમિંગ સત્તામંડળની નિમણૂક કરવાની જોગવાઈ છે. આ ખરડાનો હેતુ યુવાનો અને સંવેદનશીલ લોકોને આવી રમતોના પ્રતિકૂળ પ્રભાવથી બચાવવાનો છે.

ખરડો રજૂ કરતી વખતે, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું ઓનલાઈન મની ગેમિંગ સમાજમાં ચિંતાનો વિષય છે જે નાણાકીય છેતરપિંડી તરફ દોરી જાય છે. તેમણે કહ્યું કે, ઓનલાઈન મની ગેમિંગને કારણે અનેક પરિવારોને નાણાકીય મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

. . . . . . . . . . . .

# RAIN SITUATION IN DISTRICTS-1

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર આજે પણ યથાવત્ છે. ભારે વરસાદથી સૌરાષ્ટ્ર સહિત અનેક જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ છે. સ્થાનિક નદીઓ પણ બે કાંઠે વહી રહી છે. જ્યારે ખેતરો ટાપુમાં ફેરવાયા છે. વરસાદથી અસરગ્રસ્ત જિલ્લામાં વાહનવ્યવહાર ખોરવાયો છે.

જુનાગઢ જિલ્લાના મેંદરડામાં આજે સવારથી 13 ઈંચ, જ્યારે કેશોદ અને વંથલિમાં 10 ઇંચ જેટલો વરસાદ ખાબકતાં જનજીવનને અસર થઈ છે. જિલ્લાના 54 ગામને અલર્ટ પર રખાયાં છે. જિલ્લા કલેક્ટર અનિલ રણાવસિયાએ લોકોને તકેદારી રાખવા જણાવ્યું છે.

(બાઇટ- જિલ્લા કલેક્ટર, જૂનાગઢ)

દેવભૂમિદ્વારકા જિલ્લાનાં ભોગાત ગામ પાસે એક ઈમારતમાં ચારે બાજુ પાણી ફરી વળતાં પાણીમાં ફસાયેલા કુલ 17 લોકોને બચાવાયાં

ગીર સોમનાથમાં હિરણ 2 બંધના 7 દરવાજા 7 ફૂટ ખોલાતા ત્રિવેણી ઘાટ પર પાણી ફરી વળ્યું છે. પાણી ભરાતાં કાજલી માર્કેટિંગ યાર્ડ પાસેના બ્રિજ પરથી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકાયો. જિલ્લા કલેક્ટરે નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત કર્યાં છે.

પોરબંદર જિલ્લાના આઠ બંધમાંથી ત્રણ બંધ સો ટકા ભરાયા છે. કુતિયાણા તાલુકાના અમર ગામે વાડી વિસ્તારમાં વીજળી પડતાં એક મહિલાનું મોત નીપજ્યું છે.

અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદર ખાતે ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે. પ્રતિકૂળ હવામાનને કારણે દરિયામાં ફસાયેલા માછીમારો અને હોડી મહારાષ્ટ્રના દરિયા કિનારે લાંગરી શકાશે તેમ જાફરાબાદ બંદર અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે...1

# RAIN SITUATION IN DISTRICTS-2

ભાવનગરના શેત્રુંજી બંધના 59 દરવાજા 2 ફૂટ ખોલાતાં 15 હજાર 340 ક્યૂસેક પાણી વહેતું હોવાથી નીચાણવાળા વિસ્તારનાં લોકોને સાવચેત કરાયાં. ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે રંઘોળા જળાશય છલકાતા દરવાજા ખોલાયા છે

કચ્છના મુન્દ્રા તાલુકાના બરાયા , કારાઘોઘા, બોચા, બાબીયા પંથકમાં વીજળીના કડાકાભડાકા સાથે ભારે વરસાદ પડતાં કારાઘોઘા બંધ ફરી ઓવરફ્લો થયો. વરસાદના લીધે ગ્રામ્ય વિસ્તારના 22 જેટલા રસ્તા બંધ કરાયા.

તો દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લાનો ડોસવાળા બંધ ઓવરફલો થતા મીંઢોળા નદી બે કાંઠે થઈ. નીચાણવાળા 10 ગામને સાવચેત કરાયાં. વલસાડ જિલ્લામાં મધુબન બંધનાં 10 દરવાજા દોઢ મીટર સુધી ખોલાતાં દમણગંગા નદી કિનારે આવેલા ગામને એલર્ટ કરાયા છે.

ડાંગ જિલ્લાનાં વઘઈમાં પોણા ચાર ઇંચ , આહવા અને સુબીરમાં 2 ઇંચ અને સાપુતારામાં દોઢ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા , લાખણી ધાનેરા દિયોદરના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ થયો. અરવલ્લીનાં મોડાસા શહેર , મેઘરજ તેમજ આસપાસના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો.

. . . . . .

# WEATHER OF GUJARAT

હવામાન વિભાગે 25 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આવતીકાલે દેવભૂમિદ્વારકા જિલ્લામાં અત્યંત ભારે અને કચ્છ , બનાસકાંઠા, પાટણ, મોરબી, જામનગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. દરમિયાન 24 તારીખ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે તેમજ સમગ્ર દરિયાકાંઠે ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

**દરમિયાન રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 165 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ 13 ઇંચ જેટલો વરસાદ જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં થયાના અહેવાલ છે.**

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................

# JAIN AACHARYA DEATH

જૈન સમાજના મુનિ પરમપૂજ્ય ગચ્છાધિપતિ જૈનાચાર્ય રાજયશ-સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં આજે અમદાવાદનાં નારણપુરામાં અંતિમ સંસ્કાર કરાયાં. આજે સવારે સાબરમતીથી સોલા રોડ સુધી તેમની પાલખીયાત્રા યોજાઈ. તેઓ ગઈકાલે કાળધર્મ પામ્યા હતાં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

શ્રી શાહે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, જીવનભર આધ્યાત્મિકતા, સંસ્કૃતિ, સેવા, લોકકલ્યાણ માટે સમર્પિત તેમના અવસાનથી સંત સમાજમાં સર્જાયેલી ખોટ પૂરવી અસંભવ છે.

શ્રી પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું , આત્મિક ઉન્નતિ અને આધ્યાત્મના આંતરિક મર્મને પ્રબોધતો તેમનો ઉપદેશ હંમેશા દિશાદર્શક બની રહેશે. શ્રી સંઘવીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું , સમગ્ર શાસન માટે ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

. . . . . .

# SAHKAR THI SAMRUDHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સહકારી મંડળીઓ અને સ્વસહાય જૂથ દ્વારા બનાવેલી ચીજવસ્તુઓ ખરીદી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા અનુરોધ કર્યો.

ગાંધીનગરમાં "આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ 2025 " હેઠળ યોજાયેલા "સહકારથી સમૃદ્ધિ" કાર્યક્રમમાં શ્રી પટેલે નવી સહકાર નીતિ-2025ને સહકાર અને સ્વદેશી સાથેના દ્રઢ સંકલ્પનું પ્રતિબિંબ ગણાવી. આ નવી નીતિથી દેશને આત્મનિર્ભર બનાવવાના પ્રવાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાનો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

દરમિયાન તેમણે રાજ્ય સહિત દેશના સહકારી માળખામાં થયેલા વિકાસ અંગે સૌને માહિતી આપી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . .

# SURENDRANAGAR CRIME

સુરેન્દ્રનગરમાં ગેરકાયદે ખનીજનું ખનન અને વહન કરનારા લોકો પાસેથી 50 કરોડ રૂપિયાથી વધુની રકમ વસૂલવા નૉટિસ અપાઈ છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે , મૂળી તાલુકાના ખાખરાળા ગામની સરકારી જમીનમાં અન-અધિકૃત રીતે કુલ 28 કાર્બોસેલના કૂવા ખોદવામાં આવ્યા. તેમાંથી ગેરકાયદે ખનન, વહન, સંગ્રહ અને વેચાણ કરાયું હોવાનું જણાતા 50 કરોડ રૂપિયાથી વધુની રકમ વસૂલવા ચોટીલાના નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ આ તમામ લોકોને નૉટિસ પાઠવી છે.

. .

# MEHSANA GOLD MEDAL

મહેસાણાના ખેલાડી જયેશ સુથારે નેપાળમાં રમાયેલી વર્લ્ડ પાવરલિફ્ટીંગ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. મૂળ રૂપાલ ગામના અને હાલ મહેસાણામાં વસતા જયેશ સુથારે પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન થકી બેન્ચ-પ્રેસ વર્ગમાં 75 કિલો વજન ઉંચકી શ્રીલંકા, નેપાળ, પાકિસ્તાન અને ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓને મ્હાત આપી આ સિદ્ધિ હાંસલ કરી છે.

હાલમાં જયેશ સુથાર ગણપત વિશ્વ-વિદ્યાલયમાં કમ્પ્યુટર ઇજનેરીનો અભ્યાસ કરી રહ્યા છે. ગત એક વર્ષથી તેઓ પાવરલિફ્ટીંગમાં સતત મહેનત કરી રહ્યા છે

. . . . .

# AMDAVAD SHALA VIVAD

અમદાવાદમાં ખાનગી શાળાના ધોરણ આઠના વિદ્યાર્થીએ 10મા ધોરણના વિદ્યાર્થી પર કરેલા જીવલેણ હુમલા મામલે પોલીસે આજે સગીર આરોપીની અટકાયત કરી છે. અમદાવાદનાં જોઈન્ટ પોલીસ કમિશનર જયપાલસિંહ રાઠોરે કહ્યું, ગઈકાલે રાત્રે પીડિત વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત થયું હતું. તેમણે કહ્યું કે, પોલીસ દ્વારા આ ઘટનાની સઘન તપાસ ચાલી રહી છે.

(BYTE: JAIPAL SINGH RATHORE, JOINT CP)

દરમિયાન, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ પણ આ ઘટનાને વખોડી કાઢી છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં તેમણે શિક્ષણ વિભાગ આ ઘટનાનો અભ્યાસ કરશે તેમ જણાવ્યું. બાળકોને જોખમી રમત અને સોશિયલ મીડિયાથી દૂર રહેવા પણ શ્રી પાનશેરિયાએ અપીલ કરી.

. .

# NMEO OP GUJARAT STATE

નેશનલ મિશન ઑન એડિબલ ઑઈલ-ઑઈલ પામ - એટલે કે, NMEO—OPના અમલીકરણમાં ગુજરાત અગ્રણી રાજ્ય બન્યું છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, ઑઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા NMEO—OP હેઠળ રાજ્યના 18 જિલ્લાનો સમાવેશ કરાયો છે. રાજ્યના 150 ખેડૂતો ઑઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ મેળવી છે. તેમજ NMEO—OPના વિવિધ ઘટક હેઠળ રાજ્યના ખેડૂતોને અત્યાર સુધીમાં કુલ એક કરોડ 12 લાખ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

જ્યારે મેગા ઑઈલ પામ પ્લાન્ટેશન ડ્રાઇવ હેઠળ આ વર્ષે 235 હેક્ટરમાં નવું વાવેતર થયું છે અને આ વર્ષના અંત સુધીમાં કુલ એક હજાર હેક્ટર વિસ્તારમાં નવું વાવેતર થવાનો અંદાજ હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું.

. . . . .

# BHUJ RADIO COMMUNITY

કચ્છના ભુજ ખાતે આજથી બે દિવસના કમ્યુનિટી રેડિઓ જાગૃતિ કાર્યશાળાનો પ્રારંભ થયો. તેમાં ગુજરાત , મહારાષ્ટ્ર અને રાજસ્થાનના સહભાગીઓ જોડાયા છે. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉક્ટર કે. કે. નિરાલા ગેસ્ટ ઑફ ઑનર તરીકે ઉપસ્થિત રહ્યા.

શ્રી નિરાલાએ વિકાસ કાર્ય સંબંધિત માહિતી , આરોગ્ય, શિક્ષણ, ચૂંટણી વગેરે જેવી સરકારી યોજનાઓ અંગે જાગૃતિ લાવવા કમ્યુનિટી રેડિઓ સ્ટેશનનો કેવી રીતે ઉપયોગ કરવો તેના પર ભાર મૂક્યો.

. . .